Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મ્ગઃ (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદ્યશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શક્તિશાળી ઇમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ એકમ બુધવાર ૧ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૨

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

### અમે પાકિસ્તાનનો ભાગ નથી, અનાજ રોકશો તો ભારત પાસે મદદ માંગીશું, મોંઘવારી અને દમન સામે ભભૂક્યો જનઆક્રોશ

# PoKમાં પાકિસ્તાન વિરુદ્ધ ઉગ્ર બળવો

## સરકારે સતત નવમા ત્રિમાસિકમાં નાની બચત યોજનાઓના વ્યાજ દરો યથાવત રાખ્યા

**પીપીએફ,** એનએસસી અને સુકન્યા સમૃદ્ધિ યોજનામાં 1 જુલાઈ, 2026થી શરૂ થતી નવી ત્રિમાસિકમાં પણ જૂના દરો મુજબ જ વ્યાજ મળશે

**નવી દિલ્હી, તા. 30 (PTI):** સરકારે મંગળવારે પીપીએફ અને એનએસસી સહિતની વિવિધ નાની બચત યોજનાઓ પરના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી.

1 જુલાઈ, 2026થી શરૂ થતા સતત નવમી ત્રિમાસિક માટે આ વ્યાજ દરો યથાવત રાખવામાં આવ્યા છે. નાણા મંત્રાલયે એક જાહેરનામામાં જણાવ્યું છે કે, નાણાકીય વર્ષ 2026-27ની બીજી ત્રિમાસિક માટે, જે 1 જુલાઈ, 2026થી શરૂ થઈને 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂર્ણ થાય છે, તેના વ્યાજ દરો નાણાકીય વર્ષ 2026-27ની પ્રથમ ત્રિમાસિક (1 એપ્રિલ, 2026થી 30 જૂન, 2026) માટે જાહેર કરાયેલા દરો જેટલા જ રહેશે.

**જાહેરનામા અનુસાર, વિવિધ લોકપ્રિય યોજનાઓના વ્યાજ દરો નીચે મુજબ રહેશે:**

- સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળની થાપણો પર 8.2 ટકા વ્યાજ દર મળશે.
- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ પર જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર માટે વ્યાજ દર 7.7 ટકા રહેશે.
- કિસાન વિકાસ પત્ર પર વ્યાજ દર 7.5 ટકા રહેશે અને આ રોકાણ 115 મહિનામાં પાકશે.
- મંથલી ઇન્કમ સ્કીમમાં રોકાણકારોને આ બીજા ક્વાર્ટરમાં પણ 7.4 ટકા વ્યાજ મળશે.
- પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) પર 7.1 ટકા અને ત્રણ વર્ષની ટર્મ ડિપોઝિટ પર પણ 7.1 ટકા વ્યાજ દર જાળવી રાખવામાં આવ્યો છે.
- પોસ્ટ ઓફિસ સેવિંગ્સ ડિપોઝિટ સ્કીમ માટે વ્યાજ દર 4 ટકા રાખવામાં આવ્યો છે.

મુખ્યત્વે પોસ્ટ ઓફિસો અને બેંકો દ્વારા સંચાલિત આ યોજનાઓના વ્યાજ દરોમાં સરકારે છેલ્લે નાણાકીય વર્ષ 2023-24ની ચોથી ત્રિમાસિકમાં ફેરફાર કર્યો હતો.

**રાવલાકોટમાં** હજારો પ્રદર્શનકારીઓએ આર્મી ચીફ મુનીરની સરમુખત્યારશાહીને નકારી

**પાકિસ્તાને** પીઓકેમાં ઇન્ટરનેટ સેવાઓ બંધ કરી, અન્ન પુરવઠો અટકાવ્યો

**22 દિવસથી** ચાલી રહેલું આંદોલન હિંસક થયું, અત્યાર સુધી 22નાં મોત

**નવી દિલ્હી, તા. 30:** પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં ચાલી રહેલું સરકાર વિરોધી આંદોલન હવે અત્યંત ઉગ્ર અને નાટકીય વળાંક પર પહોંચી ગયું છે. રાવલાકોટના ઈદગાહ મેદાન ખાતે મંગળવારે વિરોધ પ્રદર્શનના 22મા દિવસે હજારો પ્રદર્શનકારીઓએ એકઠા થઈને ખુલ્લેઆમ જાહેરાત કરી છે કે, 'પીઓકે એ પાકિસ્તાનનો ભાગ નથી.' પ્રદર્શનકારીઓએ ઈસ્લામાબાદને આકરી ચેતવણી આપી છે કે જો પ્રદેશમાં જીવનજરૂરી ખાદ્ય સામગ્રીનો પુરવઠો રોકવાનું ચાલુ રાખવામાં આવશે, તો સ્થાનિક રહેવાસીઓ ભારત તરફ મદદનો હાથ લંબાવવા સહિતના 'અન્ય રસ્તાઓ' શોધવા માટે મજબૂર બનશે.

પ્રદર્શનકારીઓએ પાકિસ્તાન આર્મી ચીફ આસિમ મુનીરની સરમુખત્યારશાહીને નકારી કાઢી છે. આ આંદોલનની આગ વિદેશમાં પણ પહોંચી છે, જ્યાં પ્રવાસી કાશ્મીરીઓએ પાકિસ્તાની રાજદ્વારી કચેરીઓ બહાર દેખાવો કર્યા છે.

વાસ્તવમાં આ વિરોધ પ્રદર્શન વર્ષોથી ચાલી રહેલી રાજકીય ઉપેક્ષા, આર્થિક શોષણ, મોંઘવારી, બેરોજગારી અને વીજળીના આસમાને પહોંચેલા ભાવો સામેના ૩૮-મુદ્દાના માગણી પત્ર પર કેન્દ્રિત છે.

સ્થાનિક લોકોનો આરોપ છે કે આ પ્રદેશમાં પુષ્કળ જળવિદ્યુત ઉત્પન્ન થતી હોવા છતાં તેનો મોટો હિસ્સો પાકિસ્તાનના અન્ય પ્રાંતોમાં મોકલી દેવાય છે, જ્યારે સ્થાનિક લોકોને જંગી વીજ બિલ ચૂકવવા પડે છે. તાજેતરમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે રાવલાકોટ અને મીરપુરના લોકોને 'અસલી કાશ્મીરી નથી' એવું વિવાદાસ્પદ નિવેદન આપતા લોકોનો ગુસ્સો વકર્યો હતો.



### સરકારે પ્રદર્શનકારી નેતાઓ સામે આતંકવાદી કલમો હેઠળ ગુના નોંધ્યા

પાકિસ્તાન સરકારે આ લોક આંદોલનને કચડી નાખવા માટે સુરક્ષાનો સહારો લીધો છે. સરકારે આ મહિનાની શરૂઆતમાં અવામી એક્શન કમિટી પર આતંકવાદ વિરોધી કાયદા હેઠળ પ્રતિબંધ મૂક્યો છે અને અમાન ખાન સહિતના અગ્રણી નેતાઓ સામે આતંકવાદી કલમો હેઠળ ગુના નોંધ્યા છે. આ ઉપરાંત, વિરોધ પ્રદર્શનના વીડિયો અને તસવીરો વૈશ્વિક સ્તરે બહાર ન જાય તે માટે ગત 5 જૂનથી સમગ્ર પ્રદેશમાં ઇન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. છેલ્લા બે અઠવાડિયાથી સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે ચાલી રહેલી હિંસક અથડામણોમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 22 લોકોનાં મોત થયાં છે અને સમગ્ર સરહદી વિસ્તારમાં અનાજની ભારે અછત સર્જાઈ છે. તેમ છતાં મુઝફ્ફરાબાદ સહિતના સમગ્ર પ્રદેશમાં રાજકીય ઉદ્દેશ્યો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ આંદોલન ચાલુ રાખવાનો નેતાઓએ સંકલ્પ કર્યો છે.

### અમને પાકિસ્તાનની જરૂર નથી, પાકિસ્તાનને અમારી જરૂર છે: પ્રદર્શનકારીઓ

આ ભવ્ય રેલીને સંબોધતા જમ્મુ કાશ્મીર અવામી એક્શન કમિટી (JAAC)ના અગ્રણી નાગરિક અધિકાર કાર્યકર્તા સરદાર અમાન ખાને ઇસ્લામાબાદના શાસકો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જનમેદનીને જણાવ્યું કે, 'પીઓકે પાકિસ્તાનનો હિસ્સો નથી. અમારે પાકિસ્તાનની કોઈ જરૂર નથી, પરંતુ પાકિસ્તાનને આપણી સખત જરૂર છે.' તેમણે ઉમેર્યું કે આપણી મહિલાઓ અને બાળકો સીઝફાયર લાઇનના ઝીરો પોઈન્ટ પર બે અઠવાડિયાથી ધરણા પ્રદર્શન કરી રહ્યા છે તેમને પાકિસ્તાન સરકારે ભોજન અને લોટ જેવી આવશ્યક ચીજવસ્તુઓની નાકેબંધી કરીને ભૂખ્યા મારવાનો પ્રયાસ કર્યો છે. જો આ પ્રતિબંધો ચાલુ રહેશે તો પરંપરાગત વેપાર માર્ગો ફરી ખોલવાની ફરજ પડશે, જેનાથી પ્રદેશની રાજકીય સ્થિતિ બદલાઈ જશે.

## દિલ્હી ડાયરી

### નેતાગીરીમાં દેખાવ અને વાસ્તવિકતા વચ્ચેનો વિરોધાભાસ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની લીડરશિપ સોશિયલ મીડિયાના આ યુગમાં પબ્લિક પર્સેપ્શન (જાહેર જનતાની ધારણા)ને એક મહત્ત્વની રાજકીય સંપત્તિ તરીકે જુએ છે અને તેથી જ તેઓ 'ઓપ્ટિક્સ' (બાહ્ય દેખાવ/છબી) પર ઘણો ભાર મૂકે છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ઊભા થઈ શકે તેવા સંભવિત ઊર્જા સંકટની ચિંતાઓ વચ્ચે તાજેતરમાં જ મોદીએ તેમના મંત્રીઓને ઉદાહરણ પૂરું પાડવા અને જ્યાં પણ શક્ય હોય ત્યાં કારપૂલિંગ (એક જ ગાડીમાં સાથે મુસાફરી કરવી)નો વિકલ્પ પસંદ કરીને ઈંધણ બચાવવા વિનંતી કરી હતી. ત્યાર પછીની કેબિનેટ બેઠકમાં મંત્રીઓ એકસાથે આવી રહ્યા હોવાની તસવીરો સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર થઈ હતી. ઉદાહરણ તરીકે, જલ શક્તિ મંત્રી સી. આર. પાટીલ, કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને કોલસા મંત્રી જી. કિશન રેડ્ડીએ એક જ વાહન શેર કર્યું

...અનુસંધાન પાના 11 પર

### 'દેર આયે પર દુરસ્ત આયે...'ની જેમ ગુજરાત રાજ્યમાં

# ચોમાસાની ધમાકેદાર શરૂઆત, આગામી દિવસો માટે 'રેડ એલર્ટ'

**દક્ષિણ** ગુજરાત સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ચોમાસું સિસ્ટમ પૂર્ણપણે સક્રિય

**રાજ્યના** 62 જેટલા તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો, સૌથી વધુ સાવરકુંડલા તાલુકામાં 4 ઈંચ

ગાંધીનગરઃ ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાની સિસ્ટમ વધુ સક્રિય થતાં જ મેઘરાજાએ રાજ્યભરમાં ધમાકેદાર બેટિંગ શરૂ કરી દીધી છે.

ગાંધીનગર ખાતે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આજે મંગળવારે સાંજ સુધીમાં દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ચોમાસુ સિસ્ટમ પૂર્ણપણે સક્રિય થઈ ગઈ છે, જેના કારણે રાજ્યના 62 જેટલા તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. આજે સાંજ સુધીમાં રાજ્યમાં સૌથી વધુ વરસાદ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં નોંધાયો છે, જ્યાં 94 મીમી એટલે કે લગભગ 4 ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત છેલ્લા 24 કલાકની અંદર જ રાજ્યના દક્ષિણ ગુજરાત સહિત

...અનુસંધાન પાના 11 પર

### ક્યા વિસ્તારમાં ક્યારે વરસાદ પડશે?

**1લી જુલાઈ:** દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણમાં ભારેથી અતિભારે વરસાદની આશંકા સાથે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની સંભાવનાને પગલે 'યલો એલર્ટ' અપાયું છે. બાકીના તમામ જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

**2જી જુલાઈ:** દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ (છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ) માં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના સાથે 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે.

**3જી જુલાઈ:** લો-પ્રેશરની અસર શરૂ થતાં જ સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં ફરી 'ઓરેન્જ એલર્ટ' હેઠળ ભારેથી અતિભારે વરસાદ પડશે. જ્યારે છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' રહેશે. આ દિવસે કચ્છ સહિત રાજ્યના મોટાભાગના

...અનુસંધાન પાના 11 પર

# દેશમાં જુલાઈ મહિનામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ રહેવાની આગાહી

**જૂનમાં** 40 ટકાની ઘટ બાદ જુલાઈમાં સરેરાશના 94 ટકા વરસાદની શક્યતા

**2-3** દિવસમાં ગુજરાત-દિલ્હી સહિતના રાજ્યોમાં ચોમાસું આગળ વધશે

**દેશના** મોટાભાગના ભાગોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા

**નવી દિલ્હી, તા. 30 (PTI):** ભારતીય હવામાન વિભાગ (IMD)એ મંગળવારે તેના માસિક પૂર્વાનુમાનમાં જણાવ્યું છે કે જુલાઈ મહિના દરમિયાન દેશમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જુલાઈમાં લાંબા ગાળાની સરેરાશ (LPA)ના 94 ટકા વરસાદ થવાની શક્યતા છે. સામાન્ય રીતે ભારતમાં જુલાઈ મહિનાનો એલપીએ વરસાદ આશરે 280.4 મીમી હોય છે. જોકે, ઉત્તર-પશ્ચિમ, ઉત્તર-પૂર્વ, પૂર્વ-મધ્ય ભારત અને પૂર્વીય દ્વીપકલ્પના કેટલાક વિસ્તારોમાં સામાન્ય કે તેનાથી વધુ વરસાદ થઈ શકે છે.

આ અગાઉ જૂન મહિનામાં સમગ્ર દેશમાં વરસાદમાં આશરે 40 ટકાની ઘટ જોવા મળી હતી, જેમાં મધ્ય ભારત 50.4 ટકાની ઘટ સાથે સૌથી વધુ પ્રભાવિત થયું હતું. વર્ષ 1901 પછી જૂન મહિનામાં આ પાંચમો સૌથી ઓછો (99.5 મીમી) વરસાદ હતો. આ નબળા ચોમાસા માટે હવામાન વિભાગના મહાનિર્દેશક ડૉ. મૃત્યુંજય મહાપાત્રાએ પાંચ મુખ્ય પરિબળો ગણાવ્યા છે:

**મેડન-જુલિયન ઓસિલેશન:** પવન, વાદળ અને દબાણની આ પ્રણાલીનો પ્રતિકૂળ તબક્કો.

**લો-પ્રેશર સિસ્ટમનો અભાવ:** જૂન દરમિયાન વરસાદ લાવતા લો-પ્રેશર ક્ષેત્રો બિલકુલ નહોતા બન્યા.

**ટાયફૂન સિસ્ટમ:** મોટાભાગના ટાયફૂન ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ વળી જતાં હિંદ મહાસાગરમાં સિસ્ટમ નબળી પડી હતી.

**અલ નીનો:** આ મહિનામાં પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ ઉભી થતાં વરસાદ પર નકારાત્મક

...અનુસંધાન પાના 11 પર

### તા. ૩૦-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 00.00 મીમી | 00.00 મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૮ સે. | ૩૧.૦ સે. | ૬૩% |

# હવે વોટ્સએપમાં પણ આવશે યુઝરનેમ ફીચર

**ફોન** નંબર શેર કર્યા વગર જ લોકો સાથે કનેક્ટ થઈ શકાશે

**નવા** ફીચરથી પ્રાઇવસી વધશે પરંતુ ટેલિગ્રામની જેમ નકલી એકાઉન્ટ અને સ્કેમ વધવાની પણ આશંકા

**નવી દિલ્હી, તા. 30:** લોકપ્રિય મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપમાં ટૂંક સમયમાં યુઝરનેમ ફીચર આવી રહ્યું છે, જેની મદદથી યુઝર્સ પોતાનો ફોન નંબર શેર કર્યા વગર પણ એકબીજા સાથે કનેક્ટ થઈ શકશે.



મેટાની માલિકીવાળા આ પ્લેટફોર્મ અનુસાર આ ફીચર પ્રાઈવસી વધારવા માટે છે, પરંતુ ઈન્ટરનેટ પર લોકો આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે આના લીધે ટેલિગ્રામની જેમ સ્કેમ અને છેતરપિંડી વધી જશે. પેટીએમના સ્થાપક વિજય શેખર શર્મા અને ફિનફ્લુએન્સર અંકુર વારિકો જેવા અગ્રણીઓએ ચિંતા વ્યક્ત કરી છે કે ભારતમાં યોગ્ય એન્ટી-સ્પામ સિસ્ટમ વિના આ સુવિધા આપત્તિજનક સાબિત થઈ શકે છે, કારણ કે નકલી યુઝરનેમ બનાવીને લોકોના નામે પૈસા પડાવવાના કિસ્સા વધી શકે છે.

યુઝરનેમ બનાવવાની રીતઃ યુઝર્સ એપના સેટિંગ્સમાં એકાઉન્ટ પેજ પર જઈને વધુમાં વધુ 35 અક્ષર સુધીનું યુઝરનેમ પસંદ કરી શકશે,

...અનુસંધાન પાના 11 પર

### ગાડી તમારી, એન્જિન તમારું... પણ 'લેબોરેટરી' સરકારની!

# સુપ્રીમ કોર્ટમાં સરકારે સ્વીકાર્યું– ૨૦% ઈથેનોલ તો હજુ 'અખતરો' છે

**આગામી** વર્ષ સુધીમાં યોજનાના દેશવ્યાપી પ્રભાવના ચોક્કસ પરિણામો સામે આવશે

**વાહનોના** એન્જિન બગડવાની આશંકાઓ સામે સરકારે કહ્યું આવા કોઈ પુરાવા મળ્યા નથી

**આ** યોજનાના પગલે અત્યાર સુધીમાં 1.4 લાખ કરોડનું વિદેશી હૂંડિયામણ બચ્યાનો દાવો

**નવી દિલ્હી, તા. 30:** કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એક મોટી કબૂલાત કરતા જણાવ્યું છે કે, ભારતમાં પેટ્રોલની અંદર 20 ટકા ઈથેનોલ મિશ્રણ કરવાનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ (E20 Fuel) હાલમાં એક પ્રાયોગિક તબક્કામાં છે અને આ નીતિના દેશવ્યાપી પ્રભાવના ચોક્કસ પરિણામો આગામી વર્ષ સુધીમાં સામે આવશે.

મંગળવારે સર્વોચ્ચ અદાલતમાં હાજર થયેલા એટર્ની જનરલ આર. વેંકટરામણીએ સ્પષ્ટ કર્યું હતું કે હાલમાં આ યોજનાનું સક્રિય મૂલ્યાંકન થઈ રહ્યું છે. વાહનોના એન્જિન અને ઈંધણની ક્ષમતા પર ઊંચા ઈથેનોલ મિશ્રણની લાંબાગાળાની અસરો અંગે ચાલતી ચર્ચાઓ વચ્ચે આ નિવેદન આવ્યું છે.

આ સુનાવણી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)ની એક અરજી પર થઈ રહી હતી, જેમાં કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈથેનોલ સપ્લાયની ફાળવણી અંગેના કર્ણાટક હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. ઓઈલ માર્કેટિંગ કંપનીએ દલીલ કરી હતી કે આ તબક્કે વ્યક્તિગત ડિસ્ટિલરીના ક્વોટામાં ફેરફાર કરવાથી રાષ્ટ્રીય

...અનુસંધાન પાના 11 પર